**બિડાણ:** ઉપસચિવશ્રી,(કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૨૬.૦૫.૨૦૧૬નો પરિપત્ર ક્રમાંક/ગકવ/ ૧૨૨૦૧૬/૧૦૮૮/ક.૨

**વિષય :** બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કૃષિ અને સહકાર વિભાગની સંસ્થાઓ / યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/ ૯૭૮-૯૭ /૨૦૧૬.** **તારીખ:૨૮/૦૬/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના:-</u>** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

**૨/- ઉપસચિવશ્રી,(કૃષિ યુનિ.) કૃષિ અને સહકાર વહીવટ વિભાગના તા.૨૬.૦૫.૨૦૧૬ ના પરિપત્ર માં જણાવેલ વિગત અન્વયે જાણ તથા અમલ થવા સારુ.**

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કૃષિ અને સહકાર વિભાગની સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે.

**ગુજરાત સરકાર,**
**કૃષિ અને સહકાર વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક :ગકવ/૧૨૨૦૧૬/૧૦૮૮/ક.૨**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ :-૨૬.૫.૨૦૧૬**

**વંચાણે લીધા :-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૬.૫.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૨૨૦૧૬-૨૭૧૪૩૬-અ.

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૭.૫.૨૦૧૬નો પરિપત્ર ક્ર:પવસ-૧૦૨૦૧૬-૨૮૨૪૪૭-ગ-૪

૩. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૭.૫.૨૦૧૬નો પરિપત્ર ક્ર:પરચ-૧૦૨૦૧૬-૨૭૫૦૨૪-ગ-૨.

૪. શિક્ષણ વિભાગનો તા. ૧૦.૫.૨૦૧૬નો પરિપત્ર ક્ર:પરચ-૨૦૧૬-૮૩-ખ.૧.

**પરિપત્ર :-**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬.૫.૨૦૧૬ના ઠરાવથી બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને દશ ટકા અનામત આપવાનું રાજ્ય સરકારે નકકી કરેલ છે. રાજ્ય સરકાર હેઠળની સેવાઓમાં નિંમણૂંક માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ભરતીમાં અનામત માટે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ ધ્યાને લઇ સુધારાઓ કરવામાં આવેલ છે અને ભરતીમાં અનામતનો લાભ આપવામાં આવે છે તે રીતે આ વિભાગ હેઠળની રાજયની શાળા-મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી સહાયક ગ્રાન્ટ, લોન, આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓમાં બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને ભરતીમાં દસ ટકા અનામત આપવાનું ઉકત વંચાણે લીધેલ ઠરાવો/પરિપત્રોમાં રાજય સરકારે નકકી કરેલ છે.

કૃષિ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને પ્રવેશ (Admission) માટેની અનામતની જોગવાઇઓ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને કૃષિ વિભાગે વખતોવખત બહાર પાડેલ છે અને તે મુજબ હાલમાં અમલમાં છે. પરંતુ તાજેતરમાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬.૫.૨૦૧૬ના ઠરાવથી બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને દશ ટકા અનામત આપવાનું રાજ્ય સરકારે નકકી કરેલ છે. તે મુજબનો અમલ કરવા માટે શિક્ષણ વિભાગે તેઓના તા.૧૦.૫.૨૦૧૬ના પરિપત્રથી તેઓના હસ્તકની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સાથે સંકળાયેલ કોલેજો, યુનિવર્સિટીઓ તથા સંશોધન સંસ્થાઓ કે જે સરકાર પાસેથી સહાયક ગ્રાન્ટ, લોન, આર્થિક સહાય મેળવતી હોય તે તમામ સંસ્થાઓમાં બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને પ્રવેશ(Admission)માં દસ ટકા અનામત આપવાનું ઉકત વંચાણે લીધેલ ઠરાવ/ પરિપત્રમાં રાજય સરકારે નકકી કરેલ છે.

આમ, આ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ/સંસ્થાઓમાં "બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને ભરતી તથા પ્રવેશ સમયે દસ ટકા અનામત" આપવાની બાબતે ઉપર વંચાણે લીધેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સૂચનાઓ તથા સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓનું અક્ષરશ:

પાલન કરવા અને જયાં જયાં ભરતી સમયે માંગણાપત્રકમાં, રોસ્ટરમાં, જાહેરાતમાં વિગેરેમાં ફેરફાર કરવાના થતા હોય તે આનુષાંગિક ફેરફાર સત્વરે અમલમાં લાવવાના રહે છે.

આગામી શૈક્ષણિક સત્રથી રાજયની કૃષિ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓની શાળા/કોલેજો તથા રાજય સરકાર પાસેથી લોન, અનુદાન આર્થિક સહાય વિગેરે મેળવતી સંસ્થાઓમાં પ્રવેશ (Admission) સમયે ૧૦ ટકા અનામત અંગેની ઉપરોકત સૂચનાઓનું પાલન કરવા જયાં કોઇ સુધારા કરવાના થતા હોય તે તાત્કાલિક અસરથી અમલમાં લાવવા (સ્ટેચ્યુટ, ઓર્ડીન્સ, રુલ્સ, રેગ્યુલેશન વિગેરેમાં) તથા ભવિષ્યમાં પણ આ સંબંધી સંબંધીત વિભાગ દ્વારા જે સ્પષ્ટતાઓ / સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે તે ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી તથા જરૂરી સુધારા કરવા સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુધા કાપડીયા)
ઉપસચિવ(કૃષિ યુનિ.)
કૃષિ અને સહકાર વિભાગ

**પ્રતિ,**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ.
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટીઓ, આણંદ/જૂનાગઢ/નવસારી/સરદારકૃષિનગર.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ – ગાંધીનગર.
- કૃષિ વિભાગની સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઇલ.

Upload A33/Exam

13/6

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જા.ક્ર.નં. ૪૨૫૮
તા. 14 JUN 2016
એડીએમ-3 શાખા

13 JUN 2016